





લચ, તો ક્યાંક વચને વાંધે, સફાઇ થઇ જશે!
પક્ષે ન ગમતા કચરાની, સફાઇ થઇ જશે!
નીતિ-નિયમોની કાયદાથી, સફાઇ થઇ જશે!
બેસી ગઇ છે ધાક, હાકથી સફાઇ થઇ જશે!
(સ્વચ્છતા અભિયાન)

અમેરિકામાં -
મીની ભારત જોઇ,
ઓબામા દંગ...

મારી ડણક,
ને ગજવી સંસદ -
હિન્દી ભાષામાં..




## ચિંતન

**બોધયન્તિ ન યાચન્તે ભિક્ષા દ્વારા ગૃહે ગૃહે । દીયતાં દીયતાં નિત્ય મદાતુઃ ફલમીદ્દશમ ॥**

'ઘેર ઘેર ભટકીને ભિક્ષા માગનારો ભિક્ષુક ભિક્ષા માગવા માટે કંઇ જતો નથી પરંતુ એ ઘેર ઘેર ઉપદેશ આપવા જાય છે કે 'તમે કોઇને કંઇક આપો, જરૂર આપો, - કંઇ ન આપવાનું ફળ-પરિણામ સ્વરૂપ મને જોઇ લ્યો! (અર્થાત્ પૂર્વ જન્મોમાં કોઇને કંઇ દાન ન આપવાનું ફળ હું ભોગવું છું મને જોઇ લ્યો!')

આપણાં આજનાં સુખ-દુખ આપણાં જ પૂર્વજન્મોના કર્મોનું પરિણામ-ફળ સ્વરૂપ છે દાન-પુણ્ય અને કર્તવ્યનિષ્ઠ પવિત્ર જીવન જીવનાર જીવને આ જન્મમાં સુખચેનની નિષ્પાપ જિંદગી મળે છે.

દુર્વ્યવહાર-દુરાચાર-કરનાર અધર્મનું અન્યાયપૂર્ણ આચરણ કરનારને આ જીવનમાં દુખો - આપત્તિઓ - રોગો-પીડાનો સામનો કરવો પડે છે ઇશ્વરના દરબારમાં એક હાથે લ્યો અને બીજે હાથે આપોનો નિયમ છે.

આ વાત અહીં 'ભિક્ષુક'ના મુખે સમજાવી સરળ રીતે બોધ આપવામાં આવ્યો છે.

## સુવિચાર

- વ્યથાને વરદાનમાં રૂપાંતરિત કરી શકાય... કડવી યાદોનો ભાર મનમાં હાર અને હતાશા જન્માવે એના કરતાં એનાંથી અળગા રહેવું.. સ્મૃતિઓની અંગાર ભસ્મ લાચારીનો રોગ નહીં આત્મદર્શનનો સુયોગ બનવી જોઇએ **- ધર્મસૂત્ર**
- અગર દૂસરોં કો દુખી દેખકર તુમ્હે ભી દુઃખ હોતા હૈ.. તો સમજ લો કી ભગવાન ને તુમ્હે ઇન્સાન બનાકર કોઇ ગલતી કી હૈ.. **- કૈફી આઝમી**
- સારા માણસોનો તો એના કર્મોથી પરિચય થાય છે કારણ કે સારી વાતો તો બદમાશ લોકો પણ કરી શકે છે **- તમિલ કહેવત**
- 'ગુસ્સો' એ એવી લાગણી છે જેમાં માણસનું મોં તેના મગજ કરતાં પણ ઝડપથી કામ કરે છે **- બર્નાર્ડ શો**
- ધારેલું કશું જ બને અને ન ધારેલું બધું જ બને તેનું નામ સંસાર **- રમેશ ઓઝા**
- ચંદન કરતાં વંદન વધુ શીતળતા અર્પે છે **- મોરારિ બાપુ**
- એટલી ઝાપટ મારી છે સમયે ગાલ ઉપર કે એ સુઝન ને લોકો સૌ 'લાલી' તરીકે ઓળખે છે **- અખંડ આનંદ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

માણસ ન મન-વિચારમાં જે વસ્તુ પડી હોય એને એવું જ દેખાય-સંભળાય અને એવા જ અર્થ તારવે છે.

એક વાર દેવતા-મનુષ્ય અને રાક્ષસ બ્રહ્માના ત્રણ પુત્રો બ્રહ્માજી પાસે ગયા અને કહ્યું અમને જીવન જીવવાનો સાચો મંત્ર આપો.

બ્રહ્માજીએ ત્રણે સામે જોઇ એકાક્ષરી મંત્ર આપ્યો 'દ'-'દ'-'દ'.. અને કહ્યું તમારા બુદ્ધિ-વિચાર પ્રમાણે આનો અર્થ કરી જીવનમાં આચરણ કરો.

દેવતાઓ એ 'દ' પરથી ઇન્દ્રિય દમન એવો અર્થ કાઢ્યો અને જપ-તપ-અપવાસ કરવા લાગ્યા.

મનુષ્યોએ 'દ' પરથી દયા અર્થ કાઢ્યો અને પ્રાણીમાત્ર તરફ 'દયા' ભાવ દર્શાવી દાન-પુણ્ય કરવામાં સાચુ જીવન છે એમ સમજવા લાગ્યા અને આજે પણ એમજ જીવે છે.

જ્યારે રાક્ષસો-દૈત્ય-અસૂરો એ 'દ' પરથી 'દમન' એવા અર્થ કાઢ્યો અને આજે પણ જે જગ્યા હોદ્દા-સત્તા પર બેઠા હોય ત્યાં 'દમન' જ આચરે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

## એક વૃક્ષ જ્યારે ફળોથી લદાયેલું હોય ત્યારે તે ઝૂકી જાય છે, સ્ત્રીનું પણ એવું જ છે અનેક શક્તિઓથી તે ભરેલી હોય છે, પરંતુ તેનાથી ઉન્મુક્ત કે અહંકારી બનવાને બદલે તે સતત નમ્રતાથી ઝૂકતી રહે છે અને તેના આ ગુણને લીધે જ પુરૂષથી મુઠેરી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરે છે

### શક્તિ પ્રાસંગિક

- પદ્મા ખન્ના

લોકજીવનમાં શક્તિપૂજાના સ્થાનનું ઘણું મહત્તવ રહ્યું છે. નવરાત્રિ એટલે નવવ્રતનું સામૂહિક પર્વ. નવરાત્રિ એટલે શક્તિની ભક્તિ - શક્તિની પૂજા અને શક્તની આરાધના. નવરાત્રિનો આ ઉત્સવ લોકજીવનમાં નોરતા નામે જાણીતો છે. નોરતાં એટલે દૈવીશક્તિનો આસુરી શક્તિ પરના વિજયનો ઉત્સવ. નોરતાં એ માતૃશક્તિની પૂજાનો ધાર્મિક ઉત્સવ છે. શક્તિ એ નારી છે. નારી સૂર્યની જેમ શક્તિનું આદ્ય સ્વરૂપ છે. સ્ત્રી સર્જક છે, સંયોજક છે, સંવર્ધક છે, સુભોભક છે. તેથી સ્ત્રી શક્તિ માતા સ્વરૂપે પૂજનીય અને વંદનીય છે. જગદંબા શક્તિ છે, શક્તિ પોતે જ જ્ઞાન છે. દિવસે ઘૂમટો કાઢીને ફરતી સ્ત્રીઓ રાત્રે ગરબામાં જે જોમ અને જોશ સાથે ઘૂમતી જોવા મળે છે, જાણે સાક્ષાત શક્તિ. માતા જન્મ આપે છે, એટલું જ નહી પણ બાળકનું આસૂરી તત્ત્વોથી રક્ષણ આપે છે. લોકમાતા દરેક સ્વરૂપમાં દાતા છે. માતા જ માનવીને જીવવા માટેની ઉષ્મા અને પ્રેરણા આપે છે અને તેને પોતાની મંઝિલ સુધી પહોંચવામાં મદદરૂપ બને છે.

અત્યારે જ્યારે ચારે તરફ આવી શક્તિની ભક્તિપૂજા અને આરાધનાનાં આપણએ સૌ શ્રદ્ધાથી ગુણગાન ગાઇ રહ્યાં છીએ ત્યારે હંમેશા આપણી સમક્ષ અને સમીપ રહેનારી શક્તિની ઉપેક્ષા કેમ? ડગલે ને પગલે નિ:સ્વાર્થ સાથ આપનારી શક્તિ સ્વરૂપ સ્ત્રીને પણ જો આપણે થોડુંક સમજવાનો પ્રયત્ન કરીએ તો સોનામાં સુગંધ ભળી જાય! સ્ત્રીએ કરેલ અથાગ પ્રયત્નોથી થયેલી ધ્યેયપ્રાપ્તિથી સ્ત્રી જીવનનો ઇતિહાસ બનતો રહ્યો છે, અને આગળ પણ બનતો રહેશે. તેમાં ગૃહિણી હોય કે રાજકારણી, સામાન્ય સ્ત્રી - સુંદર કોમળ નારી હોય કે વિરાંગના. તેઓએ ક્યાંક ને ક્યાંક પોતાની છાપ છોડી છે. તેમના થકી બીજી સ્ત્રીઓને પ્રેરણા મળી છે.

સ્ત્રીઓ આજે અનેક ક્ષેત્રોમાં સફળતાપૂર્વક કામ કરી રહી છે, પરંતુ અણુક ક્ષેત્ર કે જે પુરૂષોને ઇજારાશાહી સ્વરૂપે મળેલ છે. તેમાં તેને પોતાના પગ મૂકી જગ્યા કરવા ઘણો સંઘર્ષ કરવો પડે છે. પુરૂષો કરતાં બમણો પુરૂષાર્થ અને બમણી કુશળતા પ્રાપ્ત કરવી પડે છે. પોતાના અધિકારો કે ન્યાય મેળવવા હજુ આજે પણ તેને લડત આપવી પડે છે અને તેમાં તેને ઘણીવાર શારીરિક કે માનસિક સતામણીના ભોગ બનવું પડે છે, પરંતુ કહેવત છે ને... 'કઠિન છે રાહ, પણ હિંમત છે બરકરાર.' તેમ પોતાની મંઝિલમાં આવતા અનેક અવરોધોને પાર કરીને આજની નારી આગળ વધી રહી છે અને પોતાની શક્તિ અને કાબેલિયત પુરવાર કરી બતાવે છે તે સ્ત્રી સમાજ માટે અત્યંત ગૌરવની વાત છે.

સ્ત્રીની શક્તિ અને સહનશક્તિ આ બંનેનો જોટો દુનિયામાં ક્યાંય મળે તેમ નથી. કોઇ પણ ઝાડનાં મૂળ કેટલા સુંવાળા હોય છે હાથ અડાડતાં જ તૂટી જાય એવાં કોમળ હોય છે, પરંતુ એ મૂળીયામાં કેટલી બધી શક્તિ અને કેટલું બળ રહેલું હોય છે! પથ્થર જેવી કઠિન જમીનને પણ ઊંડે ઊંડે સુધી, જ્યાં પાણી મળે ત્યાં સુધી ઊતરી જાય છે અને જમીનને પહોળી બનાવે છે. આ રીતે જમીન સોંસરવા ઊતરવામાં અને પથ્થર જેવી જમીનનેય પહોળીય કરવામાં કેટલી તાકાત કે બળ જોઇતું હશે! સ્ત્રીમાં પણ આવું જ બળ હોય છે. એના બળને માપી શકાય એમ નથી. તેથી જ કદાચ તેને અ-બળા કહી હશે! સ્ત્રી કઠણમાં કઠણ હૃદયમાં ઉતરી જઇ જગા કરે છે અને તે પારકા ઘર અને ઘરના સભ્યોને પોતાના કરી લે છે. પોતે એ ઘરની થઇ જાય છે. અને ઘરમાં સમાઇ જાય છે. ઝાડનાં મૂળની જેમ હૃદય અને ઘરમાં સોંસરી ઊતરી જઇ ઘરનો કબજો લઇ લે છે. આપણા સમાજમાં સ્ત્રીને પરિવારની ધુરી માનવામાં આવે છે. સ્ત્રી વગરનું ઘર એ સ્મશાન બરાબર હોય છે, તે ઘર નથી લાગતું કારણ કે ઘર માત્ર ચાર દિવાલોથી નથી બનતું. તે બને છે હૂંફ, કાળજી, સ્નેહ અને મમતાથી. સ્વાર્પણ અને ત્યાગ - બલિદાનથી. આ બદ્દુ ઘરને અને ઘરનાં સભ્યોને આપે છે સ્ત્રી.

સમાજ - સુધારકો એ વારંવાર કહ્યું છે કે સ્ત્રીઓનો વિકાસ થયા વિના દેશની ઉન્નતિ શક્ય નથી. ગાંધીજીએ તો સ્ત્રીઓનાં સાથ અને સહકાર વિના આઝાદીની લડત પણ સફળ થવાની નથી એમ કહીને નાનાં મોટા તમામ કામોમાં સ્ત્રીઓનો સાથ માગ્યો, છતાં હજુ આજે પણ આપણે શું જોઇ રહ્યા છીએ? હજી આજે પણ આપણી સ્ત્રીઓની શું દશા છે? હા, અમુક અંશે એમાં સુધારો થયેલો જોવા મળે છે. અમુક ઘરોમાં તો દેખાય છે, પણ ભીતરમાં તો એવી જ પરિસ્થિતિ જોવા મળે છે. આજે કેટલીય સ્ત્રીઓ વૈજ્ઞાનિક છે, તો કેટલીક અર્થશાસ્ત્રી કે પછી ઉદ્યોગપતિ. થોડીક સ્ત્રીઓ પ્રધાન બને અને થોડીક ધારાસભામાં જાય એથી કંઇ સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થઇ ગયો છે, એમ માનવું ભૂલભરેલું છે. ખરેખર તો હજુ આજે પણ સ્ત્રી પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ બદલાયું નથી. જાહેરમાં સ્ત્રી - સન્માનની વાતો કરી તેની પ્રશંસા કરનારા ખાનગીમાં તેની હાંસી ઊડાડી શકે છે, મશ્કરી કરી શકે છે. સ્ત્રીના યૌવન અને સૌંદર્યની પૂજા થાય છે, પરંતુ તેની પાછળ રહેલા સ્ત્રીત્વની ક્રૂર ઠેકડી કરવામાં આવે છે. હજુ આજે પણ સમાજમાં અમુક જગ્યાએ સ્ત્રીને ઢોરની જેમ માર મારવામાં આવે છે, તો તેને જીવતી સળગાવી દેવામાં આવે છે. રાત-દિવસ ગધેડાની જેમ વૈતરું કરાવ્યા પછી પણ એને ભૂખી રાખવામાં આવે છે. આ બધાં કારણોથી સ્ત્રી કંટાળી ઘણીવાર આત્મહત્યા કરવા પ્રેરાય છે.

સ્ત્રીઓ પ્રત્યેનું દૃષ્ટિબિંદુ બદલવાની જવાબદારી સ્ત્રીઓ કરવાની જરૂર છે. હા, સ્ત્રીના વિકાસમાં સમાજની રૂઢ પ્રણાલિઓ બાધક બની છે, પરંતુ એ કડવું સત્ય પણ આપણે પચાવવું જ રહ્યું કે સ્ત્રી પોતે પણ સ્ત્રીઓના વિકાસમાં અવરોધક બને છે. સાસુ-વહુ કે દેરાણી - જેઠાણીના ઝઘડા તેનું ઉત્તમ ઉદાહરણ છે. સ્ત્રી જ સ્ત્રીની અદેખાઇ કરે છે, અને સ્ત્રી જ સ્ત્રીના ચારિત્ર્ય પર આક્ષેપ કરતાં અચકાતી નથી. પુરૂષોએ જો સ્ત્રીઓનું શોષણ કર્યું છે, તો સ્ત્રીઓએ પણ બીજી સ્ત્રીઓને યાતના આપી છે. વહુઓને સળગાવી મૂકવાના મામલામાં કે ગર્ભમાં ઊછરી રહેલી બાળકીની હત્યા કરવામાં વધારે સ્ત્રી જ કારણભૂત રહી છે. શું આપણે આપણા જ હાથોથી આપણી જાતિનો થતો વિધ્વંસ રોકી ન શકીએ? જો સ્ત્રીઓ તેમને પોતાને ભોગવવા પડેલા અત્યાચારો, અન્યાય અને શોષણનો બદલો અન્ય સ્ત્રીઓ સાથે લેવાની ભાવનાને વિદાય આપી તેમની હમદર્દ અને હમસફર બને તો આ પુરૂષ પ્રધાન સમાજમાં દરેક સ્ત્રી પોતાનું એક આગવું, સ્વતંત્ર અને ગૌરવવંતુ સ્થાન બનાવી શકશે, એમાં કોઇ શંકાને સ્થાન નથી. આમ થવાથી સ્ત્રીઓની અનેક સમસ્યાઓ આપોઆપ દૂર થઇ જશે. આજે કેટલીય સ્ત્રીઓ અત્યાચાર, બળાત્કાર અને કુટુંબના જુલ્મનો ભોગ બનતી રહે છે, તો શું આવી સ્ત્રીઓને તેમની આવી પરિસ્થિતિમાં મદદ ન કરવી જોઇએ? શું તેમની આવી પરિસ્થિતિમાં એકલી મૂકી દેવી જોઇએ?

પુરૂષની શક્તિ એકતરફી એટલે કે 'વન-વે' જેવી ઉર્ધ્વગામી હોય છે, જ્યારે સ્ત્રીની શક્તિ ચારેબાજુ પ્રસરતી વેલની જેમ ચોતરફ ફેલાતી. એની આવી ચોતરફી ગતિને લીધે પુરૂષના વૃક્ષ સમા વિકાસના પ્રમાણમાં તે ઓછી 'વિઝિબલ' હોય છે. આપણા સમાજમાં પુરૂષને હજુ કુટુંબના આધાર સ્તંભ બનવાની એકમાત્ર ભૂમિકા નિભાવવાની છે, જ્યારે આજની નારી એક પુત્રી, બહેન, પત્ની, માતા અને વર્કિંગ વુમન એમ એક ભૂમિકાઓ સફળ રીતે નિભાવી રહી છે અને અનેક સંબંધોનું સામેજસ્ય કરી રહી છે. માટે જ આજની નારીને 'સંપૂર્ણ નારી' કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. એક વૃક્ષ જ્યારે ફળોથી લદાયેલું હોય ત્યારે તે ઝૂકી જાય છે. સ્ત્રીનું પણ એવું જ છે અનેક શક્તિઓથી તે ભરેલી હોય છે. પરંતુ તેનાથી ઉન્મુક્ત કે અહંકારી બનવાને બદલે તે સતત નમ્રતાથી ઝૂકતી રહે છે અને તેના આ ગુણને લીધે જ પુરૂષથી મુઠેરી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તેનામાં રહેલા ક્ષમા અને શક્તિ બે ગુણોને તો પુરૂષ પણ વંદે છે. પ્રેમ, કરૂણા, મમતા, વાત્સલ્ય, ક્ષમા અને શક્તિના અદ્દભૂત સમન્વયીરૂપી નારીશક્તિને સલામ!

***(રેફરન્સ : રજનીકાન્ત સથવારા)***

## દેશ-વિદેશની પાંચ વિભૂતિઓ સાથેનાં સંવાદ-સ્મરણો

### શબ્દ સમીપે


- નટવર હેડાઉ

જે વિભૂતિઓના નામ આપણા માટે અજાણ્યા નથી, જેમની જીવન શૈલીથી આપણે અત્યંત પ્રભાવિત થતા રહ્યા છીએ. અને જે વિભૂતિઓ અત્યારે સ્થૂળ રૂપે આપણા વચ્ચે નથી તેમની સાથે સંવાદ કે વાર્તાલાપ શી રીતે કરી શકીએ? એ ઇતિહાસ-પ્રસિદ્ધ વિભૂતિઓ સાથે આપણો સંવાદ ભલે હવે શક્ય ન હોય પરંતુ જેમણે એવો સંવાદ કર્યો એમની સ્મૃતિઓ તો માણી જ શકીએ ને!

આજે મારે તમને એક એવા જ પુસ્તકની વાત કરવી છે. બંગાળી સાહિત્યકાર દિલીપકુમાર રાય લિખિત આ પુસ્તકમાં દેશ-વિદેશની પાંચ વિભૂતિઓ સાથેનાં સંવાદ-સંસ્મરણો છે. આ પુસ્તકનો સરળ જ નહીં પણ રસપ્રદ અનુવાદ નગીનદાસ પારેખે કર્યો છે.

આમ તો આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ છે. બીજી આવૃત્તિમાં અનુવાદકે એક નવી વસ્તુ ઉમેરી છે. શ્રી રાધાકૃષ્ણનું આમુખ દિલીપ કુમારે અંગ્રેજી પુસ્તક 'એમંગ ધ ગ્રેટ' નામે પાછળથી પ્રગટ કરેલું તે લેવાયું છે. તે સિવાય આખો અનુવાદ મૂળ કૃતિ સાથે મેળવી અનુવાદકે ક્યાંક ક્યાંક શબ્દફેર કર્યો છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં આપણને અર્પણો, પ્રસ્તાવના, ઉતારા વગેરે પછી છ ભાગમાં વિશ્વ વિભૂતિઓનો સાક્ષાત્કાર મળે છે. જેમાં ૧, રોમાંરોલા, ૨. મહાત્મા ગાંધી, ૩. બર્ટ્રાન્ડ રસેલ, ૪. રવીન્દ્ર નાથ, ૫. રવીન્દ્ર પત્ર મર્મર અને ૬. શ્રી અરવિંદ વિષે છે.




આપણને પ્રશ્ન થાય કે વિભૂતિ એટલે શું? જે વરિષ્ઠ આત્માઓના અનેક મહત્ત્વના અને તાકીદના વિષયો ઉપરના સુચિંતિત નિર્ણયો આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યા છે. તેઓ ગંભીર નમ્રતા અને ઊંડી અંતદૃષ્ટિ ધરાવનારા પુરૂષો છે. સાંપ્રદાયિક વિચારોમાંથી તેમણે મુક્તિ મેળવેલી છે અને ભારે મંથનપૂર્વક અસીમ ક્ષિતિજને તેઓ પહોંચેલા છે. તેમણે જીવનના રહસ્યભૂત પ્રશ્નો સાથે બાથ ભીડેલી છે અને નિર્ણાયક સત્યો પ્રાપ્ત કરેલાં છે. જેમનામાં ચેતનનો એક તણખો પણ હોય તે જીવન અને વિચારણાની જે રહસ્યભૂત પ્રશ્નો એ પૂર્વકાળે વિચારકોનું ધ્યાન ખેંચ્યું હતું તે પ્રશ્નો ઉઠાવ્યા વગર રહી શકે જ નહીં. હું કોણ છું? મારું અસ્તિત્વ ક્યાં કારણોને આભારી છે અને કંઇ સ્થિતિમાં મારે જવાનું છે? મારી આસપાસ કોણ વસે છે અને તેમની સાથે મારે કેવા પ્રકારનો સંબંધ છે. કાન્ટે મુખ્ય સમસ્યાઓને ત્રણ પ્રશ્નના રૂપમાં રજૂ કરી હતી. હું શું જાણી શકું? મારે શું કરવું જોઇએ? હું શાની આશા રાખી શકું? પાંચ આગળ પડતી વ્યક્તિઓએ આ અંતિમ પ્રશ્નો વિશે ઊંડો વિચાર કર્યો છે અને પુષ્કળ કષ્ટ અને મંથનના પરિણામે તેઓ એવા સર્વગ્રાહી વિચાર ઉપર પહોંચ્યા છે કે જે તેમણે હરિફાઇના ઘોડે ચડેલાં અર્ધસત્યોથી તેમ જ અસંકલિત જ્ઞાનથી ઉપજતા કંટાળામાંથી ઉગારી લે છે.

પુસ્તકનું પ્રારંભનું પ્રકરણ રોમાં રોલાના અવસાનની અને યુદ્ધના વરસોમાં અનેકોને મહામૂલી હુંફ સમી થઇ પડેલી તેમની સનાતન મૂલ્યો પ્રત્યેની વીરત્વભરી વફાદારીની સ્મૃતિ તાજી કરે છે. રોમારોલાંના આ વિચારો એ વાતની પ્રતીતિ કરાવે છે. તે કહે છે કે 'કોણ આંખ ઉપાડશે?' કોણ તેમને સમજાવશે કે તેમની આત્માનો કે ધર્મનો કે જગતનો કોઇ દેશ પોતે સર્વોત્તમ દેખાતો હોય તોય તેને બીજા ઉપર આરૂઢ થવાનો અને તેમની અવજ્ઞા કરવાનો અધિકાર નથી.'

તે પછીનું બીજું પ્રકરણ મહાત્મા ગાંધીજી વિષેનું છે. પારકાં પાપ ધોવા માટે વપરાતી કષ્ટસહનની પદ્ધતિને ગાંધીજી અન્યાય અને શોષણ દૂર કરવામાં વાપરે છે. 'જે ઉત્તમ જીવન ગાળે તે સૌથી મહાન કળાકાર' હોય તો ગાંધીજી એ પદના મહાન અધિકારી છે.' કળા એટલે સાદાઇમાં સૌંદર્ય સિવાય બીજું શું? કૃત્રિમતા અને ઢોંગથી મુક્ત રોજીંદા જીવનમાં મિથ્યા દૃષ્ટિથી સરલ સૌંદર્યનું ઉચ્ચત્તમ પ્રકટીકરણ ખરૂં ને? ગાંધીજીના જીવનમાં એકી સાથે કળા પણ છે અને તપસ્યાયે છે. એ કહે છે તે માને છે અને ઉપદેશે છે તે આચરે છે અહીં બર્ટ્રાન્ડ રસેલ સાથેના લેખકના વાર્તાલાપની નોંધ એ બતાવે છે કોઇ માણસને વિશે આદર બાંધવા માટે તેની સાથે એકદમ થવાની જરૂર નથી. કેમ કે ઉચ્ચતર માનવ મૂલ્યો, કળાનુભવની શક્તિ, નૈતિક ભાવના અને ધાર્મિક અંત: પ્રેરણાનો ખુલાસો ભૌતિક, યાંત્રિક કે પ્રકૃતિનો વૈજ્ઞાનિક માનવવાદ, દાર્શનિક માન્યતા તરીકે સ્થૂળત્તર અન્ય ભૌતિકવાદો કરતાં વધુ સંતોષકારક નથી.

આ પુસ્તકમાં જેની વિશેષ વાત છે તે રવીન્દ્રનાથ ટાગોર હિંદી નવ જાગૃતિની સૌથી મહાન વિભૂતી હતા. તેઓ સાચા અર્થમાં કવિ હતા. તેમનું જીવન અને તેમનું કાર્ય માનવ ચિત્તને મૂક્ત કરવા પાછળ ખર્ચાયાં હતા. પોતાની 'વિશ્વ ભારતી' દ્વારા ટાગોરે સાર્વત્રિક નીતિ નિયમોના પાયા ઉપર રચાયેલો વિશ્વસંઘ સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો.

જ્યારે ઋષિ અરવિંદ આપણા લેખકની હાર્દિક શ્રદ્ધાના અધિકારી છે. અરવિંદ અગમ્યના સાધકોની બૌદ્ધિક પ્રખરતાનું મહાન દૃષ્ટાંત છે. જીવનો શબ્દ સાંભળવા તેમના વિચારની પ્રશાંત ઉદાત્તતા, અત્યુત્તમ કળાથી તેમને ઢાંકી દીધેલી તેમની વિશાળ વિદ્વતા, દેવી જીવનની તેમના આત્માએ પુરેલી શાખ - એ બધા ગુણો પાંચમા પ્રકરણમાં જે ખંડો ઉતારવામાં આવેલા છે. તેમાં પ્રગટ થાય છે.

'તીર્થ સલિલ' નામે જે ગુજરાતી અનુવાદ પ્રાપ્ત થયો છે તે મૂળ બંગાળી પુસ્તક 'તીર્થંકર' ના લેખક દિલીપ કુમાર રાય વિખ્યાત બંગાળી નાટ્યકાર સ્વ. દ્વિજેન્દ્રલાલ રાયના પુત્ર ગણિતના વિદ્યાર્થી, સંગીતના શોખીન, હિન્દુસ્તાન અને યુરોપમાં ફરી ફરીને બંને દેશોની સંગીત પદ્ધતિઓનો અભ્યાસ કરેલો. અનેક મહાપુરૂષોને મળેલા. તેમની સાથે જીવનના અનેક પ્રશ્નોની ચર્ચા કરેલી. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા અપ્રાપ્ત બનેલ આ ગ્રંથનું પુન: મુદ્રણ કરી સાહિત્ય અને સમાજની ખુબ મોટી સેવા કરવામાં આવી છે જે બદલ અનુવાદક અને પ્રકાશક ધન્યવાદને પાત્ર છે.

**તીર્થ સલિલ (વિભૂતિઓ સાથે વાર્તાલાપ - યાત્રા)**
**લેખક - દિલીપ કુમાર રાય, અનુવાદક - નગીનદાસ પારેખ**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**
**કિંમત રૂા. ૨૦૦, પૃષ્ટ-૧૯૪**
**આવૃત્તિ - ૨૦૧૪**

## એક માતા-પિતા તરીકે તમારા બાળકને સ્વતંત્ર બનાવો એ ખૂબ જ મહત્ત્વનું છે, તેઓ પોતાની કાળજી જાતે રાખી શકવા જેટલા સક્ષમ હોવા જોઈએ

### રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

બાળકના જન્મ પછીનું થોડુંઘણું શિક્ષણ એ પોતાના ઘરમાંથી મેળવે છે. પણ જ્યારે તે ત્રણ ચાર વર્ષનું થાય ત્યારે એને કે.જી.માં દાખલ કરવાનો સમય આવે ત્યારે એની આસપાસ એક એવું વાતાવરણ ઊભું કરવું અને એવી કિંડરગાર્ડન પસંદ કરો કે જ્યાં તે એક નવી જ દુનિયામાં પ્રવેશ કર્યો હોવાનો અનુભવ કરે, આ એક એવી જગ્યા છે, જ્યાંથી બાળક વહેંચવાનું, કાળજી લેવાનું, નવા મિત્રો બનાવવાનું તથા ઘર અને માતાપિતાથી થોડાક સમય દૂર રહેવાનું શીખતું હોય છે. તેના શૈક્ષણિક જીવનની શરૂઆત કિંડર ગાર્ડનથી જ થતી હોય છે. અને તેથી તેનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. આમ છતાં બાળકોના કેટલાક નિષ્ણાંતોનું માનવું છે કે બાળક કિંડર ગાર્ડનમાં જતું થાય એ પહેલાં કેટલીક મહત્ત્વની બાબતોથી એ પરિચિત થાય એ જરૂરી છે.

દરેક બાળક વિશિષ્ટ છે અને દરેકને કોઇ ખાસ ક્ષમતા આપવામાં આવી હોય છે. કેટલાક બાળકો ઝડપથી શીખે છે. તો કેટલાકને શીખતા વાર લાગતી હોય છે. આમ છતાં કિંડર ગાર્ડનમાં નવાસવા પ્રવેશતાં બાળકો માટે આ બાબત તદ્દન નવી હોય છે. આથી તેઓ ક્યારેક નાનમ અનુભવે એવું પણ બને અથવા તો બધુ આવડવાથી હોંશિયાર હોવાનું અભિમાન કરે એવુંય બને. આથી સૌથી પહેલા તો દરેક માતાપિતાને બાળકને અન્ય બાળકો સાથે હળીમળીને કઇ રીતે બાળકો સાથે સાહજિકતાથી વાત કરે, સામૂહિક પ્રવૃત્તિઓમાં ભાગ લે. તથા કોઇને મદદની જરૂર હોય તો તો તેમાં પણ આગળ પડતો ભાગ લે તેવા ગુણોનો તેનામાં સંચમ કરવો જોઇએ.



શૈક્ષણિક અભ્યાસક્રમ મુજબ તમારું બાળક તમામ આલ્ફા બેટ્સ લખી અને વાંચી શકતું હોવું જોઇએ. વધુમાં તે પોતાનું નામ પણ લખી શકે તે જરૂરી છે. તે ૧ થી ૧૦ સુધીના નંબરની ગણતરી કરી શકતું હોવું જોઇએ. અને સાથે લખી પણ શકતું હોવું જોઇએ. આ ઉપરાંત તમારું બાળક સરળતાથી કોઇની પણ સહાય વિના બોલી શકે એ પણ જરૂરી છે. વળી, ચિત્રોના માધ્યમથી પણ તે પોતાના વિચારો રજૂ કરી શકવા જેટલું સક્ષમ હોય એ આવશ્યક છે.

ઘણા માતા-પિતા બાળકોને ભાષાકીય જ્ઞાન આપવામાં અન્ય કેટલીક વ્યવહારું માહિતી આપવાનું ભૂલી જતા હોય છે. ખરી રીતે જોવા જઇએ તો તેનામાં ગણિત સંબંધિત વૈચારિક ક્ષમતા વિકસાવવી પણ ખૂબ જ જરૂરી છે. શબ્દો અને વાક્યો ભણાવવાના ઉત્સાહમાં આપણે બાળકોને ગણિતના મહત્ત્વના પાઠો ભણાવવાનું ચૂકી જઇએ છીએ. આથી તમારું બાળક ગણિત જેવા વિષય રસ કેળવે એ જરૂરી છે. બાળક સામાન્ય આકૃતિઓ અને આકાર ઓળખે તો પણ તેના માટે ફાયદાકારક છે.

એક માતા-પિતા તરીકે તમારા બાળકને સ્વતંત્ર બનાવો એ ખૂબ જ મહત્ત્વનું છે. તેઓ પોતાની કાળજી જાતે રાખી શકવા જેટલા સક્ષમ હોવા જોઇએ. તેઓ પોતાના શૂઝની દોરી જાતે બાંધી શકે, પોતાના શર્ટના બટન બંધ કરી શકે, હાથ સાફ કરી શકે તથા વ્યવસ્થિત રીતે ખાઇ શકે એ પણ જરૂરી છે.

શાળાકીય અભ્યાસ સિવાય પણ બાળકો અન્ય પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે રસ લે તે જરૂરી છે. સાહિત્ય, પેઇન્ટિંગ, રમતગમત કે અન્ય કોઇ પણ ક્રિએટીવ પ્રવૃત્તિ તેમના ઘડતરમાં ઘણી ઉપયોગી પુરવાર થાય છે. તમારું બાળક જુદા જુદા રંગોને પારખી શકે તેટલું સક્ષમ હોવું જોઇએ. વળી, સામાન્ય આકારો દોરવા જુદા જુદા મટિરિયલમાંથી નવી વસ્તુઓ બનાવવા જેવી અનેક પ્રવૃત્તિ પણ તેમની ક્રિએટીવીટીને વધારે છે. વળી, સંગીત અને નૃત્ય જેવા માધ્યમથી તે એક નવી દુનિયાનો અનુભવ લઇ શકશે. આમ અભ્યાસ સિવાય પણ ઇતર પ્રવૃત્તિઓ બાળકના વિકાસમાં ઘણી જરૂરી છે.